सत्य मेव जयते

**<u>ક્રિ.કે.નં: ૩૪૩૫૩ / ૨૦૨૨ ના કામે આંક–૦૧ લગત હુકમ.</u>**

**(૧)** સદર કામે આરોપી સામે ઈ.પી.કો. કલમ–૩૭૯ મુજબના ગુનાનું આક્ષેપ કરવામાં આવેલ છે જે અંગે આરોપી અને ફરીયાદપક્ષે આંક–૦૩ થી એફીડેવીટ રજુ કરી સદર કામના ફરીયાદી નીતિનભાઈ રમણભાઈ સોલંકી નાઓ મરણ ગયેલ છે તેમજ સદર ગુનામાં સાહેદ તરીકે રહેલા ભાડુઆતો પણ મરણ ગયેલ છે તેમજ અમુક કયાંય જતા રહેલ છે તે અંગેની અમોને જાણ નથી અને સદર ગુનાના કામે અમારો મોબાઈલ ફોન ચોરાયેલ જે અમોને મળી ગયેલ છે અને હવે અમારે આ કેસ આગળ ચલાવવો નથી તેવી હકીકત જણાવેલ છે. તેમજ સદર કામે આંક–૦૪ થી સમાધાન કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે જે અંગે આક્ષેપીત ગુનો સી.આર.પી.સી. કલમ–૩૨૦(૧) મુજબ સમાધાનને પાત્ર હોઈ સદર કામે રજુ થયેલ સમાધાન પુરસીસ વંચાણે લેતા હાલના કામે આરોપીને ઈ.પી.કો. કલમ–૩૭૯ મુજબના ગુનામાંથી સી.આર.પી.સી. કલમ–૩૨૦(૧)(૮) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદ્દામાલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ અપીલ સમયબાદ કાયમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ: ૨૨/૦૬/૨૦૨૪
અમદાવાદ.

**(પરેશ ભોગીલાલ નાયક)**
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં:૩, અમદાવાદ.
યુનિક કોડ નં: જીજે–૦૦૮૭૪.